Seat No. _______________

# HS-1601010101020402

## B. A. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination

**May - 2023**

## Gujarati

**ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-2 : (મુખ્ય)**

***(Old Course)***

Time : **2:30** Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**1** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

કલાકારનું ચિત્ત બીજાઓથી ભિન્ન પ્રકારનું અત્યંત, વેદનાશીલ (Sensitive), સદ્યોવેદી, સૂક્ષ્મવેદી હોય છે. તેણે ગ્રહણ કરેલા અનુભવમાં તેનું પોતાનું વ્યક્તિત્ત્વ ઘણે મોટે અંશે હોય છે. તેમ છતાં કલાકાર પણ એ અનુભવ તો બહારના જગતમાંથી જ લે છે, તે અનુભવ પોતાના કે સમાજના કોઈ પણ વ્યાવહારિક પ્રયોજનથી અબાધિત હોય છે. તેથી તે વધારે શુદ્ધ સ્વરૂપનો હોય છે. અને તેથી જીવનયોજનામાં તેનું રહસ્ય સવિશેષ રીતે તેના અનુભવમાં આવેલું હોય છે. એ રીતે આપણા યુગની કવિતાનો અભ્યાસ કરવામાં આપણે આપણા યુગનું રહસ્ય પણ વધારે સારી રીતે સમજી શકીએ.

**- રામનારાયણ વિ. પાઠક**

**અથવા**

''આજે બુવા પીપળાની પતરાવળ પર જમવા બેઠા, એટલામાં આગલે દિવસે દેવપ્રયાગમાં મળેલા એક મારવાડી બનિયા યાત્રી અમે બેઠા હતા ત્યાં આવ્યા. પ્રેમભક્તિના ઉભરામાં એમણે અમારા ત્રણનો ચરણસ્પર્શ કર્યો. બુવા એકાએક ઝંખવાણા પડ્યા, જ્યારે પેલા મારવાડીની આંખોમાં ભક્તિના, આનંદના ઝળઝળિયાં આવ્યાં હતાં. બુવાની તે લાંબી દાઢી, માથા પરની જટા, નાહીને શુચિર્ભૂત થયેલી કાયા, પાસે પડેલો દાસબોધ અને ભજનની માળા, આ બધું જોઈને મારવાડીને થયું, કેટલું મારું સદ્ભાગ્ય છે કે આવા પાવન બ્રાહ્મણનું ફરીવાર દર્શન થયું! અને બુવાને શું થયું હતું?''

**- કાકાસાહેબ કાલેલકર**

**2** નીચેના બે પૈકી કોઈ પણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

''સત્યની ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારું અહિંસા એ જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી, મારી અહિંસા સાચી તોયે કાચી છે, અપૂર્ણ છે, તેથી મારી સત્યની ઝાંખી હજારો સૂર્યને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ મળી ન શકે એવા સૂરજના એક કિરણમાત્રના દર્શનરૂપ જ છે. એનું સંપૂર્ણદર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે. એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું. આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યેક દર્શનને સારું જીવનમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે.''

**- મહાત્મા ગાંધી**

**અથવા**

પરીક્ષા પદ્ધતિ તદ્દન અપ્રસ્તુત બની ગઈ છે. વર્ષોથી એ દિશામાં ચિંતનને ચિંતા ચાલ્યાં છે, પણ કાયમી ઉકેલ હાથ લાગ્યો નથી. ગેરરીતિઓએ પરીક્ષાને નકામી બનાવી, ડિગ્રીના ચલણી સિક્કાએ જ્ઞાન અને સજ્જતાને ફગાવી દીધાં. પરિણામે વિદ્યાર્થી નબળો ને નબળો પડતો ગયો. જ્ઞાન માટે નહીં, ડિગ્રી માટે ભણવાનું વ્યક્તિત્વ વિકાસને સમાજહિત કે માનવકલ્યાણની અપેક્ષાઓને સ્થાને આપણને હવે શૂન્યને સૂનકાર દેખાય છે. દર વર્ષે પરીક્ષા પછી જે ફસલ બહાર પડે છ એની ગુણવત્તા જાણીએ તો ચોંકી જવાય છે! ને છતાં આ બધું રૂટિનરૂપે ચાલ્યા કરે છે. શિક્ષણનું માળખું છે તો જડબેસાલક! એ ઘણું ખમે છે, જર્જર પણ થયું છે, પણ હજી તૂટી પડશે તેમ તો નથી લાગતું, કેમ કે કેટલાંક સારાં કાર્યોના સારાં પરિણામો અહીં પણ મોજૂદ છે. એટલે શિક્ષણ તદ્દન પાણીવલોણું નથી બની ગયું, પણ એમાં પાણી ભેળવાઈ રહ્યું છે, પાણીના દૂધના નામે પૈસા લેવાય છે. એ કબૂલ કરવું પડશે. આ પાણીને અટકાવવાના ઉપાયો પણ જરૂર છે. મગજ અને ફેફસામાં પાણી ભરાય તો સમાજ સ્વસ્થ નહીં રહે, એ પાણી કાઢવાનું છે. કાઢ્યા પછી ચરી પાળવાની-દર્દીએ. જો દર્દી ચરી ન પાળે તો સ્વજનો પળાવે, અન્યથા એનું મોત થાય. આપણે એ દિશામાં સક્રિય થનારાઓની રાહ જોઈને બેઠા છીએ.

**- ડૉ. મણિલાલ હ. પટેલ**

**3** વિરામચિહ્ન એટલે શું? તે જણાવી વિરામચિહ્નના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો. **14**

**અથવા**

**3** નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી ફકરો ફરીથી લખો. **14**

રાત્રિના ભયંકર અંધકારમાં હું એ વનમાં પહોંચ્યો કાંઈ જ દેખાતું નહોતું દૂરદૂરથી વાઘ વરુ સિંહ અને વિકરાળ પશુઓના અવાજો સંભળાતા હતા મેં મારી જાતને પૂછ્યું હું ક્યાં છું એનો કોઈ જવાબ ન જડ્યો એવું ભયંકર વન.

4 તત્પુરુષ અને ઉપપદ સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. 14

**અથવા**

4 કર્મધારય અને બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આપી સદૃષ્ટાંત સમજાવો. 14

5 (અ) નીચેનામાંથી કોઈ પણ સાત રૂઢિપ્રયોગનો અર્થ સમજાવો. 7

| | |
|---|---|
| (1) પનારો પડવો | (8) તડકાં-છાંયડાં જોવા |
| (2) તલવાર તાણવી | (9) નિશાન ચૂકી જવું |
| (3) કોઠે પડવું | (10) હોળીનું નાળિયેર |
| (4) આભ તૂટી પડવું | (11) ડંકો વગાડવો |
| (5) કળ વળવી | (12) ભાવ પૂછવો |
| (6) આંખ મીંચાઈ જવી | (13) કેસરિયા કરવા |
| (7) હાથ કાળા કરવા | (14) દૂધમાંથી પોરા કાઢવા |

(બ) નીચેનામાંથી કોઈપણ સાત કહેવતોનો અર્થ સમજાવો. 7

(1) રાત થોડી ને વેશ ઝાઝા

(2) નમે તે સૌને ગમે.

(3) ઊંટના અઢારેય વાંકા

(4) પાટલી બદલવી

(5) આબરુના કાંકરા થવા

(6) એક હાથે તાળી ના પડે

(7) નહીં મામા કરતાં કાણો મામોય સારો

(8) નવરો નખ્ખોદ વાળે

(9) વાર્યા ન વરે તે હાર્યા વરે

(10) સંપ ત્યાં જંપ

(11) મોટા એટલા ખોટા

(12) એક સાંધીએ ત્યાં તેર તૂટે

(13) બાંધી મૂઠી લાખની

(14) દુકાળમાં અધિક માસ